

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ફરક્યો વિજયનો વાવટો ભગવો થઈ ગયો,
લડયા'તા સત્તા-શાસન માટે ભેગા થઈ ગયો,
કઢંગો પ્રચાર, બેઢંગા સંકલને ખાધી માર -
બહાદુર થઈ નીકળ્યા હતા, ગગો થી ગયો.

હાઈકુ

નિકળી ખાટી
'આમ' ની કેરી પર
હારનો પંજો...

મળી બેઠક
સમ ખાવા તો થશે
બિચારા પક્ષો

### ચિંતન

**આપદઃ સમ્પદઃ કાલે દૈવાદિવેતિ નિશ્ચયી ।**
**તૃપ્તઃ સ્વસ્યેન્દ્રિયો નિત્યં ન વાન્છતિ ન શોચતિ ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

આપત્તિ અને સંપત્તિ સમયે સમયે પ્રારબ્ધ વશ આવી જાય છે. જે આ સમજે છે એ હંમેશા સંતુષ્ટ અને સ્વસ્થ રહે છે અને ક્યારેય એની ઈચ્છા કે એના વિશે વિષાદ કરતો નથી.

આપણને સૌને સંપત્તિ ગમે છે પણ આપત્તિ કોઈને ગમતી નથી. સંપત્તિના આગમન માટે આપણે સતત પ્રયત્નશીલ હોઈએ છીએ એ જ રીતે આપત્તિ આવી પડે નહીં. એ માટે પણ એટલા જ પ્રયત્નશીલ રહેતા હોઈએ છીએ. આમ છતાં સંપત્તિ માટેના આપણા તમામ પ્રયાસો સદૈવ સફળ થતાં નથી કોઈ વાર સંપત્તિ પ્રાપ્ત થાય પણ ખરી અને કોઈવાર અથાક્ પ્રયત્નો કર્યા છતાં તેની પ્રાપ્તિ ન થાય. એવું જ આપત્તિ વિશે પણ કહી શકાય.

જે દૈવાધિન છે એના વિશે હરખ કે શોક કરવો એ શાણપણ નથી જે માણસ વાત સમજે છે એ આપત્તિ અને સંપત્તિ બંને સ્વસ્થ ચિત્તે સવીકારી લે છે.

### સુવિચાર

- ઈન્હી ગમ કી ઘટાઓ સે ખુશી કાં ચાંદ નિકલેગા,
  અંધેરી રાત કે પર્દો મેં દિન કી રોશની ભી હૈ ! - **ઉજ્જવલ પાલ**
- વાહન વ્યવહાર હોય કે જીવન વ્યવહાર,
  આંખો મીંચીને દોડે એને અકસ્માત નડે જ !! - **એસ. ભટ્ટાચાર્ય**
- સાર્થક જીવન વિના મહાન જીવન અશક્ય છે.
  સાર્થક કામ વિના સાર્થક જીવન અશક્ય છે - **જીમ કોલિન્સ**
- માણસને શરીરની કિંમત ડોકટરની ફી સાંભળ્યા પછી વધુ સમજાય છે - **જીવન પાથેય**
- તમે પોતાને કેટલા શ્રેષ્ઠ માનો છો તેના આધારે તમારી સિદ્ધિનું કદ નક્કી થશે - **સ્વેટ માર્ડન**
- ઈશ્વર તો તમે તેને જ્યાં રાખવા ઈચ્છો ત્યાં જ રહે છે - **પોલો કોહેલો**
- આજનું ઔષધ : કેમિકલ વગરનો ગોળમાં મરી પાઉડર અને દહીં મેળવીને પીવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શહેરની પ્રતિષ્ઠિત બેંકમાં મોટી શાખા પ્રમાણે રોકડની લેવડદેવડ માટે બે કાઉન્ટર રાખવામાં આવ્યા હતા. ઘણા વખતથી મેનેજર જોઈ રહ્યા હતા કે એક કાઉન્ટર પર ખાસ્સી ભીડ રહેતી અને બીજા કાઉન્ટર પર ઓછા લોકો જતા. કોઈવાર તો એવું પણ બનતું કે પહેલા કાઉન્ટરની લાઈનમાં લોકો ઊભા રહે પણ બીજા નંબર પર કોઈ ન હોય. મેનેજરે જોયું કે બંને કેશિયરો ખૂબ સરળ અને સારા સ્વભાવ વાળા હતા. આમ છતાં પહેલું કાઉન્ટર ગ્રાહકોથી ભરચક રહેતું. એમણે થોડા ગ્રાહકોને મળવા બોલવ્યા ત્યારે પૂછ્યું, 'તેઓ શા માટે એક નંબરના કાઉન્ટર પર જ આગ્રહ રાખે છે? ગ્રાહકોનો એક સમાન જવાબ હતો.' 'સાહેબ, અમે એ કેશિયર પાસેથી રકમ લઈએ છીએ પછી એ રકમનો જ્યાં ઉપયોગ થાય છે ત્યાં અમને હંમેશા સારા પરિણામ મળે છે. અને કોઈવાર બીજા કાઉન્ટર પરથી રકમ ઉપાડીએ ત્યારે આવું બનતું નથી, આવું કેમ થાય છે. એ એમને ખબર નથી પણ અમને ખૂબ લાભ થાય છે એ વાત એક સો ટકા સાચી છે.' મેનેજરે હવે પહેલા કાઉન્ટરના કેશિયરને બોલાવીને પૂછ્યું, 'ત્યારે કેશિયરે સ્પષ્ટ કહ્યું, 'સાહેબ, હું તો મારી રીતે કામ કરું છું. રકમ એમની જ છે અને એમને આપવાની રકમ એમના હાથમાં મૂકતી વખતે થોડી સેકન્ડ ભગવાનને પ્રાર્થના કરું છું કે એ જે હેતુ માટે પૈસા લઈ જઈ રહ્યા છે એ હેતુમાં તેઓ સફળ થાય.' આ રકમ એમના પ્રશ્નોના નિવારણમાં ઉપયોગી થાય. આ પ્રાર્થના કરવામાં કોઈ સમય બગડતો નથી. એ તે પૈસા આપતી વખતે જ હું કરી લઉં છું. અને એમ કરવામાં મને કોઈ નુકશા નથી. ઉલ્ટાનું હું ઘરે જાઉં ત્યારે આનંદ થાય છે કે મેં કોઈકના માટે કંઈક કર્યું છે.'

# વિપક્ષો માટે લાલબત્તી સમાં પરિણામો

**તંત્રીસ્થાનેથી...**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખરેખર નસીબદાર નેતા પુરવાર થઈ રહ્યા છે. સત્તા સંભાળતાની સાથે ઘણા વખતથી જે પરિણામ પ્રાપ્ત નહોતું થયું તે રમતાં પ્રાપ્ત થઈ ગયું છે. ગાંધીનગર મહાનગર પાલિકા પર ભાજપનો વિજયવાવટો એ મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ બેઉની પાઘડીમાં છોગું બની રહેલ છે. જેમના નામ પર વોટની ટંકશાળ પડે છે એવા નરેન્દ્ર મોદીના શાસનકાળમાં પણ જે શક્ય નહોતું બન્યું તે આ બે નેતાઓની સંગઠન શક્તિને કારણે સુપેરે પાર પડી શક્યું છે. બેઉ નેતાઓ એમની સંયુક્ત નેતાગીરીની પહેલી અને આકરી ગણાતી કસોટીમાંથી રંગેચંગે પાર ઊતર્યા છે. ચુમાળીસ બેઠકો પૈકી એકતાળીસ બેઠકો જીતીને ભારતીય જનતા પાર્ટીએ એક નવો વિક્રમ સ્થાપ્યો છે. અગાઉ ગાંધીનગર સિવાયની તમામ મહાનગર પાલિકાઓ તથા રાજયની તમામ જિલ્લા પંચાયતોમાં જ્વલંત વિજય મેળવીને ભારતીય જનતા પાર્ટીએ એની વિજયકૂચનો અંદાજ આપી જ દીધો હતો. કોરોના સંક્રમણને કારણે મુલતવી રાખવામાં આવેલી ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થતાં જ પટેલ-પાટીલની જોડી સામે વધુ એક પડકાર સરજાયો હતો. જો કે બદલાયેલા રાજકીય સંજોગોમાં રાજય સરકારની નવી ટીમ માટે આ વિજય અનિવાર્ય પણ હતો. જો વિપરીત પરિણામ મળ્યું હોત તો ભૂપેન્દ્ર પટેલના શાસનકાળનો પ્રારંભ જ અપશુકનિયાળ ઘટનાથી થયો લેખાત. ખરેખર તો ભાજપ અને ભૂપેન્દ્રભાઈને આમ આદમી પાર્ટીનો પ્રવેશ ફળ્યો છે. સી.આર પાટીલે જ્યારથી પાર્ટીનું સુકાન સંભાળ્યું છે ત્યારથી ભાજપ નિરંતર કોંગ્રેસનો સફાયો કરતું આગળ વધી રહ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાની સાથે યોજાયેલી રાજયની અન્ય સ્થાનિક સ્વરાજની બેઠકો પૈકી પણ મોટા ભાગની ભાજપે હસ્તગત કરેલ છે. આ કોઈ સામાન્ય વિજય નથી. એ આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી ધાર્યા નિશાન પાડીને જંપશે એનો સંકેત પણ છે. આમ આદમી પાર્ટીની એન્ટ્રીથી ક્યારેક એવી શંકા ઉપસ્થિત થતી રહી છે કે તે ભાજપનો વિકલ્પ બની શકે છે. પરંતુ કોંગ્રેસના સતત રકાસથી જે પરિસ્થિતિ સરજાતી વરતાય છે એમાં કોંગ્રેસના વોટ 'આપ'ને ટ્રાન્સફર થતાં હોય એવું લાગે છે. ભાજપ સ્થિર શાસનપાર્ટી તરીકે પ્રસ્થાપિત થતું જાય છે અને કોંગ્રેસ ધીરે ધીરે મેદાન છોડતી જાય છે. આમ જુઓ તો કોંગ્રેસ પૂરતી તો આ રાષ્ટ્રવ્યાપી અધોગતિનો જ એક ભાગ છે. જો કે જે કેટલાંક પૉકેટ્સમાં એ મજબૂત હતી ત્યાં બીજા નંબરે પણ એ ટકી રહી છે તેની નોંધ લેવી જ રહી. હાર્દિક પટેલ કે જિજ્ઞેશ મેવાણીને ગુજરાતની પ્રજા કેટલી ગંભીરતાથી સ્વીકારશે તે પ્રશ્ન છે. રાહુલ ગાંધી કે પ્રિયંકાનું ગુજરાત પૂરતું તો કોઈ જ વજૂદ નથી. જયારે મોદી-શાહ પાસેથી ગુજરાતને ઘણું મળ્યું છે અને હજું ઘણું બધું મળવાની અપેક્ષા છે. એટલે મોંઘવારી અને બેકારી જેવા મુદ્દાઓ પણ ભાજપની વિજયકૂચ અટકાવી શક્યા નથી. 'આપ' માટે હજી લોકોમાં કોઈ શ્રદ્ધા જન્મી નથી. અરવિંદ કેજરીવાલ કે મનીષ સીસોદિયા અને ગુજરાતમાં એમને નીમેના અગ્રણીઓ પાસે નેતૃત્વની પર્સાનિલીટી નથી. ગુજરાતે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ઈંદુલાલ યાજ્ઞિક, મોરારજી દેસાઈ અને ચીમનભાઈ-બાબુભાઈ - માધવસિંહ કે રતુભાઈ અદાણી જેવા પ્રતિભાશાળી નેતાઓ આપ્યા છે. મોદી એ જ પરંપરામાં રાષ્ટ્રીય કક્ષાના નેતા તરીકે જ નહીં બલકે વૈશ્વિક નેતા તરીકે પ્રસ્થાપિત થયા છે. એટલે ભાજપ માટે રાષ્ટ્રીય નેતૃત્વથી લઈ આખેઆખું મંત્રીમંડળ રફેદફે કરી નવી ટીમ આપવાનું અઘરું નતી. 'નો રિપીટ' થિયરી કારગત નીવડી છે. પરંતુ કોંગ્રેસ પાસે એનું રાષ્ટ્રીય નેતૃત્વ જ નબળું હોય ત્યાં એના પ્રસ્થાપિત નેતાઓની મહેનત પણ પાણીમાં જ જઈ રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકાનાં પરિણામો કોંગ્રેસ અને આપ માટે જ નહીં, મોદીનો વિકલ્પ બનવા મથતા વિપક્ષી ધુરંધરો માટે પણ લાલબત્તી સમાં છે.

# મારું જીવન એજ મારો સંદેશ



**અબીલ-ગુલાલ**
**મમતા રાવલ**

મુજમાં ગાંધી ?

ગાંધી જયંતિના ઉપક્રમે ઉદગમ ટ્રસ્ટ દ્વારા આયોજીત કાર્યક્રમમાં આત્મમંથન સ્વરૂપના આ વિષયે દરેક ને પોતાનામાંના ગાંધીની મનોમન શોધખોળ કરવા તરફ પ્રેરણા આપી. પુસ્તકો, લેખો, ફિલ્મો દ્વારા આપણે ગાંધીજી વિશે ઘણું જાણ્યું છે. પરંતુ સમજવાના હજુ ઘણા બાકી છે. રાષ્ટ્રપિતા તરીકે પ્રસ્થાપિત પૂ. ગાંધી બાપુનું વ્યક્તિત્વ જીવનના દરેક ક્ષેત્રમાં માર્ગદર્શક પૂરવાર થાય એવું રહ્યું છે. વ્યક્તિ તરીકે આદર્શ એવા ગાંધી બાપુએ કહ્યું છે. 'મારું જીવન એજ મારો સંદેશ'

કવિ ઉમાશંકર જોષીએ કહ્યું છે.

ત્રણ વાના મુજને મળીયા હૈયું, મસ્તક, હાથ...
બસ બીજું નવ જોઈએ બહુ દીધું તે નાથ.

મોહનદાસ કરમચંદ ગાંધી નામના સામાન્ય વ્યક્તિએ ઈશ્વરે આપેલા આ ત્રણ વાનાથી ચમત્કાર સર્જ્યો અને મહામાનવ કહેવાયા. જેના આપણે સહુ સાક્ષી છીએ. મુજમાં ગાંધીની સફર શરૂ કરતા પહેલાં આપણે જાતને એજ પૂછવું રહ્યું કે ઈશ્વરે આપેલા ત્રણ વાનાનો સદ્ઉપયોગ આપણે કેટલો કરી રહ્યા છીએ ? સ્વ માટે, અન્ય માટે, સમાજ માટે ઈશ્વરની દેન એવા હૈયુ-મસ્તક-હાથનો ઉપયોગ કરનાર ગાંધીજીનું જીવનદર્શન આજે પણ પ્રાસ્તાવિક છે. આજે પણ એમના કાર્યો, એમની વિચાર શૈલી, જીવન શૈલી, સત્ય શૈલી, અહિંસા શૈલી, અપરિગ્રહ શૈલી, સ્વચ્છતા શૈલી, સ્વાભિમાન શૈલી એટલી જ તરોતાજા રીતે પ્રસ્તુત છે. આપણે પોતે આવું કોઈક બેન્ચમાર્ક સર્જી શક્યા છીએ ખરા !! નાના પાયે, નાના સમૂહ વચ્ચે પણ જીવનના સદ્ઉપયોગ સ્વરૂપે પોતાનું સત્વ રોપી સત્યને ઉછેરી શકીએ તો આપણા 'મુજ' માં ગાંધીને જીવાડી શકીશું. પૂ. બાપુના જીવનની એક-એક પળ, એક-એક પ્રસંગ, દરેક સંદર્ભ કલ્પનાતીત રીતે માનવજીવનની તમામ નબળી પળો, દ્વિધા, નિર્ણયો, અસમંજસ ને આજે પણ પ્રસ્તુત કરે છે. જીવનના આવા વળાંકો પર એમના અનુભવો અને ઉકેલો આપણા માટે ગાઈડ પૂરવાર થાય એમ છે. ડરપોક બાળ ગાંધીને કામવાળી રંભાએ આપેલા રામ નામનું શસ્ત્ર તેમના જીવનની અંતિમ ક્ષણ સુધી તેમની સાથે રહ્યું. આજે ઈશ્વરીય શક્તિ પરની શ્રધ્ધા ડગમગુ થઈ છે. ભરોસો પળેપળ કકડભૂસ થાય છે એવા સંજોગોમાં બાપુએ આપેલ રામ નામનો મંત્ર અને પ્રાર્થનાની શક્તિ આપણે આપણા 'મુજ' માં સંચિત કરી અવિચળ શ્રધ્ધાથી જીવન જીવવાનું શરૂ કરીએ. જે ફેરફાર નોંધાય એ મુજમાં બીરાજમાન ગાંધીને આર્પણ કરીએ. હું કરું અથવા મેં કર્યું એ તમામ ભાવમાંથી મુક્ત થવાશે તો મોટો થઈ ગયેલો I આડો પડીને ઈશ્વર અને આપણી વચ્ચે બ્રીજ બની જશે જેમાં 'મુજ' માં બિરાજમાન ગાંધી ચોક્કસ મદદ કરશે એ નક્કી છે.

અહિંસા કેવી રીતે જીવનધર્મ બની શકે ? આ પ્રશ્નના જવાબમાં તેઓ જે તરફ અંગુલીનિર્દેશ કરે છે એ છે સંવેદનશીલતા. સંવેદનશીલતા ભરેલું મન, વર્તન, વાણી, વિચાર, જાત, સમાજ આજની તાતી જરૂરિયાત છે. કોરોના કાળમાં આપણે આપણા ખોવાઈ ગયેલા સંવેદનો ને પાછા જીવી શક્યા. સમાજની જરૂરિયાત પ્રત્યે સંવેદનશીલ થઈને સેવા પરમોધર્મ જીવી શક્યા. સંસારના સૌથી કઠીન સત્ય 'એકલો જાને રે... ' ના તાદશ્ય અનુભવો આપણને હચમચાવી ગયા. વ્યક્તિમાં, સમાજમાં સંવેદનશીલતા જીવંત હશે તો હિંસા અટકશે. અહિંસા ના શસ્ત્ર જેમણે અંગ્રેજ સરકારના મૂળીયા ઉખેડયા એ મહામાનવની સંવેદનશીલતા ને સલામ. સહાનુભૂતિ અને સમાનુભૂતિ થી તરબતર જેનું જીવન રહ્યું. હરપલ જેણે પ્રેમ, અનુરાગને જીવનમાં સ્થાન આપ્યું એવા આ માનવસ્વરૂપે ઈશ્વર આરાધના ને લાયક છે. એને 'મુજ' માં સ્થાન આપવું જ રહ્યું.

દેહથી સૂકલકડી પણ મનથી વ્રજ સમાન, વર્તનથી સાદા પણ વિચારોથી પર્વત સમાન, પ્રાર્થના, ત્યાગ અને તપમાં અવિચળ, જાત મહેનતથી વિશ્વનું દિલ જીતનારા બાપુ ગાંધીની વિચારધારામાં અદભૂત શક્તિ ભરેલી છે. જે આજે પણ પ્રેરીત કરે છે. દેશભક્તિ, આડંબર વિનાનું જીવન, સાદું ભોજન, સાદો પહેરવેશ, સંતુલિત વ્યવહાર જેવી અનેક બાહ્યજીવનને લગતી બાબતો છે જે આપણા ' મુજ' માં ગાંધીને વસાવવાનો માર્ગ બની શકે છે. ભારતીય તરીકે મોટા ભાગના લોકો આ વિચારધારાના અનુયાયી છે, જ પરંતુ ક્યાંક કંઈ ચૂકાઈ જતું હોય તો 'મુજમાં ગાંધી' ની શોધ ચોક્કસ કરજો. દુનિયા આગળ વધી છે, વિકાસ પામી છે પરંતુ એમાં અમૂલ્ય એવું ઘણું ખોવાયું છે જેને ખોવાતું અટકાવવાનું કામ હાલની સીનીયર પેઢીએ જીવંત દ્રષ્ટાંત બનીને કરવાનું છે.

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે, સાદર પ્રણામ સહ
એકવડીયો દેહ અને સત્યની આંધી,
શત્ શત્ નમન તમને હે ! 'મહાત્મા ગાંધી'
ખપ પૂરતું જ વાપરવ રું ને, કરકસરની રાહ ચીંધી,
અહિંસાની આહલેકમાં હજી ગુંજે મહાત્મા ગાંધી !

# ઓચિંતું કોઈ મને રસ્તે મળે ને ધીરેથી પૂછે, તમે કઈ પાર્ટીમાં છો?



**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**

હાશ, હવે શાંતિ થઈ! કોઈ આવીને પૂછશે તો નહીં કે તમે કોના સમર્થક કે તમે કઈ પાર્ટીમાં છો! પૂછનાર કોઈ આલતું ફાલતું માણસ હોય તો તો હેય ને ફટ દઈને કહી દેવાય, "હાલતીનો થા ને તારું કામ કર.' પણ આવો સવાલ પૂછનાર પોતે ચુંટણી લડવાનો હોય ત્યારે એને આવો જવાબ ના દેવાય...ભલે મનમાં ગમે એટલા ગોટા વળે, આગ લાગી જાય પણ એનો ધુમાડો બહાર ના દેખાડાય.

ચુંટણી પતી ગઈ એટલે સૌથી મોટી શાંતિ તો આખો દિવસ રિક્ષામાં પ્રચાર કરવાવાળા આવતા બંધ થયા એની થઈ. બપોરે દબાઈને દાળભાત ઠપકારી જરાક આડે પડખે થયા હોઈએ, પુસ્તક હજી તો હાથમાં લીધું જ હોય ને વાંચવાનું ચાલું કરતા કરતા જ એટલું મસ્ત જોકું આવી ગયું હોય... ઘડીક નિદ્રાધીન થયા ના થયા ને બહારથી મોટો અવાજ આવે, "સાંભળો, સાંભળો, સાંભળો... તમારો મત એટલે ફલાણા ને, અમે તમારા માટે આમ કરશું ને તેમ કરશું...' એવી ખીજ ચઢે, મનમાં આવે કે જા થાય એ કરી લે તારી પાર્ટીને મારો મત નહીં જ આપું!

આપણે બારીમાંથી જરાક ડોકિયું કરીને એ એક પાર્ટીનું નામ મનમાં નોંધીએ અને ફરી આડે પડખે થઈ, ફરી પુસ્તક હાથમાં લઈ પેલું ઊંઘનું મોજું ફરી આવી જાય એની રાહ જોતા હોઈએ અને એ રિસાયેલી પણ પ્રેમાળ સુંદરીની જેમ આપણા પર ફરી મહેરબાન થાય ત્યાં જ ફરી અવાજ સંભળાય, "સાંભળો... સાંભળો...સાંભળો..." આ હાલ ને હાલ કેમ પાછો આવી ગયો એમ વિચારતા આપણે સદેહે બહાર જઈને જોઈએ ત્યારે એકેએક પાર્ટી પરનો મોહ ભાંગીને ભુક્કો થઈ જાય. રોડ ઉપર થોડે થોડે અંતરે અલગ અલગ પાર્ટીનો પ્રચાર કરવાવાળી રિક્ષાઓની લાઈન લાગી હોય.

પોતાની પાર્ટીનો પ્રચાર કરવા નીકળેલા ઉમેદવારો પાછા એટલા ઉત્સાહિત હોય કે એમને આપણાથી જરાક ટોકાય પણ નહિ. એમને કંઈ કહેવા જાઓ તો બપોરે ઊંઘવું એ જાણે કોઈ અક્ષમ્ય અપરાધ હોય એવું તમારા ભોળા મનમાં ઠસાવી દેવા આકાશ પાતાળ એક કરી દે.

દરેક પાર્ટીના ઉમેદવારો પાછા એમનો વરઘોડો લઈને છેક તમારા ઘર સુધી આવે. એ અમને જ વૉટ આપજો એમ કહે ત્યારે હું સામે કંઈ ના કહું એટલે મનમાં ને મનમાં એ બધા મને મીંઢી કહેતા હશે એવું મને લાગે પણ હું એમને એ કળાવા ના દઉં. ગયા રવિવારે હું મત આપવા ગઈ એની પહેલા આવા તો કેટલાય વરઘોડા જોઈ નાંખેલા.

રવિવારે મને એમ કે બપોરે જરાક રસોડાના કબાટની સાફસફાઈ કરી લઉં પછી શાંતિથી મત આપવા જઈશ, ત્યાં તો દરેક પાર્ટીના ઓળખીતા સભ્યો ફોન કરી કરીને પૂછ્યા કરે, "નિયતીબેન વૉટ આપી આવ્યા? અમારી પાર્ટીને ભૂલતા નહીં હો...ફલાણું નિશાન!" મને થાય અલ્યા ભાઈ, અલી બહેન મેં તારું શું બગાડ્યું છે? મેં તો સમયસર સફાઈ ના કરીને ફકત મારા રસોડાનું કબાટ બગાડ્યું છે આજે માંડ માંડ એને સાફ કરવાની ઈચ્છા થઈ છે તો કરી લેવા દોને! મારે જેને મત આપવો હશે એને આપી આવીશ તમે આમ વારે વારે તમારું નિશાન મારા માથે ના મારો.

મારા મનમાં પછી એક શેતાની વિચાર આવી ગયેલો, ફરી કોઈનો ફોન આવ્યો એટલે મેં દુ:ખીયારી નારીના અવાજે કહ્યું, "તમારી જ પાર્ટીને મત આપવા જવું છે પણ જુઓને આજે જ મારી ગાડી સર્વિસમાં ગઈ છે,' મારી વાત પૂરી થયા પહેલા જ સામેથી કહી દેવાયું, "ફિકર ના કરો હું ગાડી મોકલાવું છું.' મેં કહ્યું, "પણ વળતા મારે શોપિંગ કરવા જવાનું છે, શાકભાજી ખલાસ થઈ ગઈ છે.' તરત સામેથી જવાબ આવ્યો, "તમે ચિંતા ના કરો, મારી ગાડીને તમારી જ ગાડી સમજો.'

હું બળી હરખપદુડી થઈ તૈયાર થયેલી. સારામાં સારી સાડી પહેરી સાથે મેચિંગ જૂતા અને પર્સ પણ ચઢાવ્યું હતું. મેડમ જેવો વટ પાડવો મને ગમે છે! જેવી હું ઘરની બહાર નીકળી કે તરત જ એક ગાડી આવી ગયેલી, એનો ચાલક મને કહે, તમે જ નિયતી બેન છો ને? હું હજી તો ગાડીમાં બેઠી જ હતી કે તરત એક ફોન આવ્યો, "શું નિયતી બેન આવું કરવાનું? તમે એ લોકોની ગાડીમાં ચઢી ગયા? મને કહ્યું હોત તો હું ગાડી મોકલાવી આપત.'

હું સહેજ ગભરાઈ ગઈ, માંડ માંડ પોતાને સંભાળતા કહ્યું, "અરે ભાઈ ખાલી લીફ્ટ જ લીધી છે. વૉટ તો તમારી પાર્ટીને જ આપીશ."

"બસ ત્યારે, હવે મને શાંતિ થઈ! તમતમારે ફરો એમની ગાડીમાં, મને કોઈ વાંધો નથી હોં બેન પણ મત આપો ત્યારે મને ના ભૂલતા." મને થયું હાશ, છૂટી ત્યાં તો ગાડી ઉભી રહી ગયેલી. મેં કહ્યું, "ભાઈ મતદાન મથક તો હજી દૂર છે ને આમ રસ્તા વચ્ચે ગાડી કાં ઊભી રાખી?" એ ભાઈ મને કહે, "તમે રસ્તા વચ્ચે ગાડી બદલો તો હું શું કરું? મતદાન મથક સુધી તમને હું પહોંચાડું અને મત તમે બીજાને આપો એ ક્યાં નો ન્યાય?'

મને એવો તો ગુસ્સો ચઢેલો. થયું કે પાછી વળી જાઉં. એકેયને મત જ નથી આપવો ત્યાં તો એક્ટિવાનો હોર્ન સંભળાયેલો. મારી એક જૂની સખી મારી ગાડીની બાજુમાં જ એનું વાહન ઊભું રાખી મને બોલાવી રહી હતી. મેં એની સામે જોયું એટલે કહે, "આવી જા આજે હું તને મતદાન મથકે પહોંચાડીશ. 'મને સ્ત્રીશક્તિ ઉપર એટલું માન થયું અને હું તરત ગાડી છોડી એની પાછળ ગોઠવાઈ ગઈ. ચૂંટણી મથકે પહોંચ્યા એટલે મને ઉતારીને એણે કહ્યું, "મારું નિશાન યાદ છે ને?'

મને થયું, અલી તું પણ? મેં આંખોથી જ પૂછેલું અને એ શિયાળ જેવું હસી રહેલી. મેંય છેલ્લો દાવ ફેંકતા કહ્યું, "કામવાળી બહુ ખાડા પાડે છે, એનું કાંઈક કરી આપવાનું વચન આપ તો વિચારું." એણે એટલા વિશ્વાસથી કહ્યું, "પાક્કું!" કે હું ચેતી ગઈ. મને ખ્યાલ આવી ગયો કે આ પણ મુજ ભોળીને ભોળવવા જ આવી છે!

જે જગ્યાએ મારે મત આપવા જવાનું હતું એ ઈમારતના દરવાજે જ જે ભાઈએ ગાડી મોકલાવી હતી એ દેખાયા, મારી સામે જોઈ હાથ જોડી કહે, "ક્યાં સુધી ખાલી કામવાળીના ખાડા પૂરવામાં જ ધ્યાન આપશો, ક્યારેક તો રોડ ઉપરના ખાડા વિશે પણ વિચાર કરો. હજી તક છે મારું નિશાન ભૂલતા નહિ."

મને થયું સારું છે કે હજી કોઈને ખબર નથી પડતી કે મેં કોને વૉટ આપ્યો નહીંતર નક્કી ત્રણમાંથી બે પાર્ટીના મારા જ સંબંધીઓ મારા વેરી થઈ જાત.

મત આપવા માટે હું ઈફસ મશીન આગળ ઊભી રહેલી ત્યારે મશીન ઉપરના દરેક નિશાન, દરેક ફોટા મારી સામે જોઈ "હું, હું, મને વૉટ આપજે" એવી બૂમો પાડી રહ્યા હતા. એ વખતે અચાનક જ મને થેનોસ યાદ આવી ગયેલો અને મેં એની સ્ટાઈલમાં એક ચપટી વગાડી હતી, તરત બધો શોરબકોર બંધ થઈ ગયેલો પછી મેં મત આપ્યો હતો, યોગ્ય ઉમેદવાર ને...!

અમસ્તું,

કાશ આ માણસોમાં લાલચ ના હોત, કાશ હું માણસ ના હોત!

@kapadianiyati

# જે માણસ સોનાની જેમ ચમકતો હોય એ પોતાની જિંદગીમાં ઘણું ઘસાયો હોય છે



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

**મારું જીવન એ જ મારી વાણી, બીજું એ તો ઝાકળપાણી.**
**મારા શબ્દો ભલે નાશ પામો, કાળ ઉદર માંહી વિરામો.**
**મારા કૃત્ય બોલી રહે તોય, જગે કેવળ સત્યનો જય.**
**મારો એ જ ટકો આચાર, જેમાં સત્યનો જય જયકાર.**
**સત્ય ટકો, જો જાય આ દાસ, સત્ય એ જ હો છેલ્લો શ્વાસ.**
**એને રાખવાનું કોણ બાંધી, એને મળી રહેશે એના ગાંધી.**
**જન્મી પામવો મુક્ત સ્વદેશ, મારું જીવન એ જ સંદેશ.**
**- ઉમાશંકર જોશી.**

● ● ●

કોઈ બાળક તમને પૂછે કે, 'ગાંધીજી કોણ છે?' કેમ લોકો તેમને યાદ કરે છે?' ત્યારે મોટે ભાગે તત્કાળ કશુંયે લાંબુ વિચાર્યા વિના ટૂંકમાં જ જવાબ આપી દઈ છીએ કે, 'ગાંધીજીએ દેશને આઝાદી અપાવી હતી એટલે....' હવે આ બાળક જયારે મોટો થાય છે ત્યારે ઈતિહાસ ભણતાં શીખે છે કે આઝાદી અપાવવા તો શહીદ ભગતસિંહ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ, રામપ્રસાદ બિસ્મિલ, અસફાખ ઉલ્લાખાં, સરદાર પટેલ, પંડિત નહેરુ.. જેવા નામી-અનામી અનેક લોકોનો ફાળો હતો, તો પછી ગાંધીજીનું આટલું મહત્વ શા માટે ? - આવા તર્ક વિતર્કથી ઘેરાયેલો બાળક જયારે પુખ્ત - સમજણો થાય ત્યારે શોશ્યલ મીડિયાના યુગમાં પ્રવેશે ત્યારે ગાંધી વિરુદ્ધ ફરતા મેસેજ શોખથી લાઈક કરે છે, ફેસબુક, વોટ્સએપ અને અન્ય શોશિયલ મીડિયા પર ગાંદી વિશેની કપોલકલ્પિત વાતોને સાચી માની સત્ય, અહિંસા અને પ્રેમના પૂજારી એવા ગાંધી બાપુ પરત્વે નફરત - ધિક્કાર ધરાવી હિંસા જ શ્રેષ્ઠ છે એમ સ્વીકારી ગાંધીને ગાળો ભાંડવા લાગે છે.

દોસ્તો, આમાં વાંક કોનો ?! વાંક એ લોકોને જેમણે ગાંધીને જાણ્યા - સમજ્યા વિના માત્ર આઝાદી પૂરતા જ સિમિત કરી દીધા. ગાંધી મહાનત્તમ કાર્યો અને ઊંચા આદર્શો થકી મહાત્મા બન્યા એ બાબત નવી પેઢીને જણાવી કે સમજાવી શક્યા નથી. એ સ્વીકારવું રહ્યું કે ગાંધી જાગતિક જરૂરિયાત રુપે અવતર્યા હતા. ઘણી વાર આપણી આસપાસ કેટલાકને બોલતાં સાંભળ્યા હશે, 'મજબૂરીનું નામ મહાત્મા ગાંધી.' પણ... આ યુગપુરુષનું જીવનકાર્યને યથાર્થ રીતે મૂલવીએ તો અવશ્ય સમજાશે કે 'મજબૂરી' નહીં - 'મજબૂતીનું નામ મહાત્મા ગાંધી.' ગાંદી તો દૃઢ સંકલ્પ શક્તિનો પર્યાય હતા.

૧૯૧૫માં સ્વેદસ આવી પોતાના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેની આજ્ઞાથી ભારત ભ્રમણ કરી દેશને જોયો - જાણ્યો ને પછી સરકાર સામે અડગ આત્મબળથી અહિંસક માર્ગે ઝઝૂમયા. અરે, ચંપારણમાં બકરાના બલી ચઢાવતા લોકો વચ્ચે જઈને ગાંદીજીએ માનવ બલી ચઢાવવા પોતાની જાતને ધરી દીધી. બલી પ્રથા અંધશ્રદ્ધા છે, લોકોની અહિંસા ધર્મ સમજાવ્યો. બાળપણમાં અંધારાથી ડરનારો બાળક મોહન મોટપણે ભલભલા રાજાઓની ઝાટકણી કાઢતાં ખચકાતો નથી. એવું કહેવાય છે કે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની વાર્ષિક આવક ૭૫ હજાર ડૉલર હતી. આજના સંદર્ભે તો અધધ કહેવાય... આટલી સમૃદ્ધિ છોડીને અર્ધનગ્ન ફકીર બની ૭૯૦૦૦ કિલોમીટર પગપાળા ચાલીને સત્ય, અહિંસા ને કરુણાનો સંદેશ વહેંચી દેશની જનતાને જાગ્રત કરી. નીડર અને સ્વાવલંબી જીવનના પાઠ પાકા કરાવી આઝાદીની આગ પ્રજ્જવલિત કરી. ગાંધી થકી દેશમાં જે આઝાદીનો જુવાલ ઊભો થયો તે જોઈને જહાલવાદીઓ ગાંધીની શેહમાં તણાતા. ગાંધીએ સરદાર જેવા સમર્થ નેતાને દેશ સેવામાં ખેંચી લાવ્યા આ શું મોટી ભેટ નથી ?! વિસ્ટન ચર્ચિલ બ્રિટનના વડાપ્રધાન તો એમ કહેતા કે, 'આ માણસ ભારે અહિંસક હોવા છતાં એટલો શક્તિશાળી છે કે મને હિટલરનો ડર નથી લાગતો પણ આ ગાંધીનો ડર લાગે છે.'

ગાંધી આઝાદી પૂરતા સિમિત ન હતા. એમનો ઉદ્દેશ તો એક સુવ્યવસ્થિ, સંસ્કારી અને અહિંસક સર્વોદયી સમાજ રચનાનો હતો. જયાં હિંસા, લૂંટ, અસત્ય, વ્યસન, અંધશ્રદ્ધા, અસ્પૃશ્યતા- ભેદભાવ રહિત હોય. દરેકનો સમુત્કર્ષ, પ્રેમ - ભાઈચારો, અન્યોન્યને પૂરત બની દેશનો વિકાસ કરે. સ્વાશ્રયી, સ્વાવલંબી, સ્વોદયી - આત્મનિર્ભર સમાજ ઊભો કરવાનું સ્વપ્ન હતું.

દોસ્તો, પૂજ્ય બાપુને કોઈએ પ્રશ્ન પૂછ્યો કે આપના માટે સૌથી મોટી ચિંતાનો વિષય કયો ? ત્યારે ગાંધીનો જવાબ હતો, 'બૌદ્ધિકોની હૃદયશૂન્યતા'. આ દરેક સ્થળ-કાળને લાગુ પડે. સમાજનાં મોટા પરિવર્તનો ગણ્યા ગાંઠ્યા લોકોની સંવેદનશીલતાથી થતાં હોય છે. બૌદ્ધિકોમાંથી થોડા ઘણાયે જો સમાજના દલિત, પીડિત, વંચિત, શોષિત પ્રત્યે હમદર્દી દાખવે તો આ દયામાં કર્મ જોડાય ને કરુણ ।બને એમાંથી જ ક્રાંતિની સરવાણી વહે ! મિત્રો, ગાંધીની ઊંચાઈ માપી ન શકાય સમયની સાથે વધતી જ જાય છે. ગાંધી વિચાર એ રણનીતિ નહીં દૃષ્ટિ છે. મેં ગાંધી નથી જોયા પણ સવાયા ગાંધીવાદીઓનો સંસર્ગ પામ્યો છું, શાળામાં ફરજિયાતે રેંટિયો કાંત્યો છે. પ્રાથમિક શાળામાં તો તકતી લઈને જતાં. નાનકડા હાથે સૂતર કાંતતા. રૂની પૂણી બનાવતા, રૂ પીંજતા, સૂતર રંગવાનું, હાથસાળ પર આસન પટ્ટા બનાવતા. કૃષિ વિદ્યા ને વન વિદ્યા પણ ભણેલા.... બીજી ઓકટોબર 'ગાંધી જયંતિ'નો ખ્યાલ તો હમણઆં આવ્યો અમે તો ભાદરવા વદ બારસ 'રેંટિયો બારસ' ને ઊજવતા - પ્રભાત ફેરી, શ્રમદાન, કાંતણ યજ્ઞ ને મધુરાં ગાધી ગીતોનો ગુંજારવ....

'બાપુના પાઠ ભણીને જુઓ, હિંદ હો માનવી.'
ભણી જુઓને ભણાવી જુઓ, હિંદના હો માનવી...

**સ્પર્શમણિ :**

**જે માણસ સોનાની જેમ ચમકતો હોય એ પોતાની જિંદગીમાં ઘણું ઘસાયો હોય છે.**

● ● ●

**મન બગાડે એવા વિચારો અને મૂડ બગાડે એવા માણસોથી છેટા રહેવું**

- *rasikvaland1965@gmail.com*
*Mo. 9913426949*